| |
|---|
| જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ખેડા-નડીઆદની કચેરી<br>(સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાખા)<br>જિલ્લા સેવા સદન, ડભાણ રોડ, નડીઆદ- ૩૮૭૦૦૨<br>ઈ-મેઈલ- collector-khe@gujarat.gov.in |
| નં.સ્થા.સ્વ/ કેટરીંગ હુકમ/ વશી / ૧૩૩૩ થી ૧૩૫૧ /૨૦૨૬ તા.૦૪/૦૪/૨૦૨૬ |

**વિષય :-** સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ-૨૦૨૬
કેટરીંગ સામગ્રીના ભાવો મંજુર કરવા બાબત.

**વંચાણમાં લીધા :-**

(૧) ઉધોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક એસઓપી/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા. ૦૩/૦૨/૨૦૨૧
(૨) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક રાચાઅ-ચટણ-ટીપીડી- ૩૪(૨) - ૦૧૨૦૨૬-ક / ૬૦૮ થી ૬૬૧
(૩) અત્રેના હુકમ નં. ચટણ/સ્થા.સ્વ.સં./વશી/૫૮૬ થી ૨૯૨/૨૦૨૬, તા. ૧૬/૦૩/૨૦૨૬
(૪) ટેન્ડર કમિટીતા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
(૫) NProcure પોર્ટલ પર તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ બહાર પાડેલ કેટરીંગ સેવાનું બીડ (બીડ નં.૨૮૯૦૪૮, તા. ૨૩/૦૩/૨૦૨૬)
(૬) (૧) એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ (૨) જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ (૩) એસ.કે. ડેકોરેટર્સ, અમદાવાદ (૪) સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ એજન્સી તરફથી NProcure પોર્ટલ પર રજુ થયેલ ટેન્ડર
(૭) ટેન્ડર કમિટીતા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
(૮) ટેન્ડર કમિટીતા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**હુકમ :-**

આગામી સમયમાં અત્રેના જીલ્લામાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતો, મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ યોજાનાર છે. જેના વંચાણ (૧) અને (૨)થી ચૂંટણી કામે કેટરીંગ-ભોજન સેવા પુરી પાડવા વંચાણ (૩) થી ટેન્ડર સમિતિની રચના કરવામાં આવેલ છે. કેટરીંગ સેવાની એજન્સી નક્કી કરવા માટે વંચાણ (૪) માં જણાવ્યા મુજબા બીડ ફોર્મ અને તેની શરતો નક્કી કરવામાં આવેલ. જેમાં NProcure પોર્ટલ પર વંચાણ (૫) મુજબ તા. ૨૩/૦૩/૨૦૨૬ના રોજ કેટરીંગ સેવાનું બીડ બહાર પાડવામાં આવેલ. જેમાં બીડ રજુ કરવાની છેલ્લી તા. ૦૧/૦૪/૨૦૨૬ હતી. વંચાણ (૬)થી બીડમાં નીચે મુજબની એજન્સીઓએ સમયમર્યાદામાં બીડ ભરેલ.
(૧) એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ (૨) જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ (૩) એસ.કે. ડેકોરેટર્સ, અમદાવાદ (૪) સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ

ઉકત એજન્સીઓના ટેકનિકલ બીડ તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ ખોલવામાં આવેલ અને ટેકનિકલ પુરાવાની ચકાસણી કરી (૧) એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ (૨) જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ (૩) સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ એજન્સીઓ દ્વારા ટેન્ડરની શરતો મુજબના દસ્તાવેજો રજુ કરેલ , સદરહુ એજન્સીઓને ટેક્નીકલી ક્વોલીફાઇડ કરવામાં આવેલ તેમજ (૧) એસ.કે. ડેકોરેટર્સ, અમદાવાદ દ્વારા EMD and Tender Fee નિયત સમયમાં મળેલ ન હોઇ ટેક્નીકલી ડીસક્વોલીફાઇડ કરવામાં આવેલ છે.

તા.૦૨/૦૪/૨૦૨૬ ટેન્ડર કમિટી સમક્ષ કેટરીંગ સંબંધીત ટેકનીકલી ક્વોલીફાઇડ (૧) એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ (૨) જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ (૩) સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ એજન્સીઓના ભાવ **NProcure** પર ઓનલાઇન ખોલવામાં આવેલ છે. જેમાં નીચેની વિગતે કમ્પેરેટીવ L1, L2,L3 મળેલ છે.

**L1- એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ**

**L2- જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ**

**L3- સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ**

ઉક્ત એજન્સીઓ દ્વારા ભરવામાં આવેલ આઇટમવાર ભાવોની ચકાસણી કરતાં **એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ દ્વારા કુલ ૧૧** આઇટમોના ભાવ સૌથી ઓછા ભરવામાં આવેલ છે. **જૈન મંડપ એન્ડ ડેકોરેટર્સ (પાલનપુર) આણંદ-પેટલાદ દ્વારા કુલ -૦૨** આઇટમોના ભાવ સૌથી ઓછા ભરવામાં આવેલ છે. અને **સ્માઇલ પ્લીઝ ડીજીટલ લેબ, પ્રા.લી. અમદાવાદ દ્વારા કુલ-૦૧** આઇટમોના ભાવ સૌથી ઓછા ભરવામાં આવેલ છે. જેથી કમિટી દ્વારા સૌથી વધારે આઇટમોમાં સૌથી ઓછા ભાવ ભરેલ એજન્સી **એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદને L1 તરીકે નક્કી કરવામાં આવે છે. તેમજ અન્ય એજન્સી દ્વારા આઇટમવાર સૌથી ઓછા ભરવામાં આવેલ ભાવથી એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ** પાસેથી કામ કરાવવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંગે એજન્સી દ્વારા બાંહેધરી પત્રક રજુ કરવામાં આવેલ છે. આમ ઉક્ત જણાવ્યા મુજબ કેટરીંગની સેવાઓ **એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ** પાસેથી મેળવવાનું કમીટી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. વંચાણ (૮) થી **એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદએ** આઇટમવાર સૌથી ઓછા ભાવથી કામ કરવા સંમતિ પત્ર આપેલ છે.

**-:: પરિશિષ્ટ ::-**

| Item No. | Item Title | Item Description | Item Quantity | Unit of Measure | એકતા ઓફસેટ પ્રા.લી. નડીઆદ દ્વારા રજુ કરેલ ભાવ |
|---|---|---|---|---|---|
| 1 | Tea Coffee | 50 ml with paper cup along with person for serving | 1 | Per Cup | 6.90 |
| 2 | Coffee | 50 ml with paper cup along with person for serving | 1 | Per Cup | 6.90 |
| 3 | Nasto 1 | 2 Types of 50 gm Biscuits | 1 | Per Dish | 5.00 |
| 4 | Nasto 2 | Bataka Pauva 200 gm | 1 | Per Dish | 20.00 |
| 5 | Nasto 3 | Gota, Bhajiya with chillies 200 gm | 1 | Per Dish | 34.90 |
| 6 | Nasto 4 | 3 Types of Low Calorie Cookies | 1 | Per Dish | 5.00 |
| 7 | Nasto 5 | Upama or Khaman or Samosa 200 gm | 1 | Per Dish | 33.00 |
| 8 | Food Packet | 1 vegetable, 200 gm Puri, Salad, 1 Farsan, 1 Buttermilk | 1 | Per Food Packet | 69.90 |
| 9 | Bhojan 1 | 1 vegetable, Roti / Puri, Salad, Farsan, Dal/Kadhi, Rice/Khichdi, Buttermilk (Buffet Unlimited) | 1 | Per Dish | 97.90 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 10 | Bhojan 2 | 1 vegetable, 1 Pulse, Roti / Puri, Salad, Sweet Farsan, Dal/Kadhi, Rice/Khichdi, Buttermilk (Buffet Unlimited) | 1 | Per Dish | 132.90 |
| 11 | Juice1 | 200 ml with Disposal Paper Glass Fruit Juice, Nariyel Pani | 1 | Per Glass | 14.90 |
| 12 | Water Bottle 500 | 500 ml | 1 | Per Bottle | 8.00 |
| 13 | Water Bottle 200 | 200 ml | 1 | Per Bottle | 3.90 |
| 14 | Water Jug | 20 ltr | 1 | Per Jug | 24.90 |

## શરતો :-

**(૧) ઈજારાની મુદત:**

- ઈજારાની મુદત ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મંજુર થયેલ ભાવ મંજુરીના હુકમ તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. આ મુદત પુર્ણ થયા બાદ વધુ એક વર્ષકે બે વર્ષ સુધી આ ભાવો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ મંજુર કરી શકશે.જે સંબંધકર્તા ઈજારદારને બંધનકર્તા રહેશે.
- ઈજારાની મુદત પુરી થાય તે પહેલા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ કોઈપણ કારણસર લેખિત નોટિસ આપી ઈજારો રદ કરી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક ટેન્ડરરને રહેશે નહીં. તેમજ ઈજારેદાર સિવાય અન્ય સક્ષમ એજન્સીને મંજુર થયેલ ભાવે આ કામગીરી સોંપી શકશે.
- જે ઈજારેદારને ભૂતકાળમાં બ્લેકલીસ્ટ કરવામાં આવ્યા છે તેમને તથા આ ઈજારેદાર અથવા ઈજારેદાર પેઢીના કોઈપણ ભાગીદાર/ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર/ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢીને આ કામગીરી સુપ્રત કરવામાં આવશે નહીં.
- આ ટેન્ડરથી મંજુર થયેલ ભાવોની મુદત પૂર્ણ થયા બાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ આ મંજુર થયેલ ભાવે આ કામગીરી માટે સક્ષમ એજન્સીને કામગીરી સુપરત કરી શકશે. વધુમાં આ ટેન્ડર પ્રક્રિયામાં જે એજન્સીએ બે ટેન્ડર રજુ કરેલ હશે અને તે ટેકનીકલ બીડ (P r i -b i d )માં સફળ/માન્ય થયેલ હશે તેવી એજન્સીને આ બાબતમાં પ્રથમ અગ્રતા આપી શકશે.

**(૨) કામગીરીની વિગતો:**

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદજણાવે તે સ્થળોએ, તે જથ્થામાં / સંખ્યામાં તથા જણાવે તે સમય મર્યાદામાં ગરમ જમવાનું તથા નાસ્તાની વ્યવસ્થા કરવાની રહેશે.

૨. ભાવપત્રકમાં જણાવેલ ભાવે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,ખેડા-નડીઆદ ની કચેરી તરફથી જણાવેલ જરૂરીયાત મુજબ તેમજ વર્ણન મુજબની કેટરીંગ અંગેની સામગ્રી સંબંધિત સ્થળે પુરી પાડવાની રહેશે.

૩. ઈજારદારે કે તેની સાથે કામ કરનાર કોઈપણ વ્યકિત રાજકીય પક્ષ સાથે, ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવારો સાથે સીધા કે આડકતરો સંબંધ ધરાવતા હોવા જોઇશે નહી.તેમજ કેટરીંગ ની સામગ્રી સક્ષમ અધિકારી સિવાય અન્ય કોઈ રાજકીય વ્યકિત, પક્ષ કેઅન્યને આપી શકાશે નહિ.

૪. ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા અધિકૃત કરેલસંબંધીત અધિકારી માગે ત્યારે તુર્તજ સામગ્રી/સેવાઉપલબ્ધ કરવાની રહેશે. તથા માંગણી થાય તો તે સમયમર્યાદામાં પુરી પાડવાની રહેશે.

૫. કેટરીંગ સાથે સંકળાયેલ સાધનોનોવીમો જરૂર જણાયે ઈજારદારે સ્વખર્ચે ઉતરાવી લેવાનો રહેશે.

૬. વર્ક ઓર્ડર પ્રમાણે કેટરીંગસામગ્રી સ્થળે મોકલવા માટે લાવવા-લઇ જવાની વ્યવસ્થા ઈજારેદારે પોતાના ખર્ચે અને પોતાની રીતે કરવાની રહેશે.

૭. કેટરીંગઅંગેની સામગ્રી અત્રેની કચેરીમાં અથવા જણાવેલ સ્થળે ઈજારાદારે સ્વખર્ચે પહોચાડવાની હેશે.

૮. કેટરીંગ અંગેની સામગ્રી જણાવેલ સ્થળે સમયસર મોકલી આપવાની રહેશે.

૯. ઈજારેદારે તેમના કામે રોકેલ માણસોની સંપૂર્ણ જવાબદારી ઈજારેદારની રહેશે.

૧૦. ઈજારેદારે સોંપેલ કામગીરી નિયત સમયમર્યાદામાં અને સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે. આમ કરવામાં જો તેઓ નિષ્ફળ જશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ સંજોગોને આધિન અન્ય કોઈપણ આ કામગીરી કરવા સક્ષમ એજન્સી પાસે મંજુર થયેલ ભાવે કામગીરી કરાવી શકશે.

૧૧. વધુમાં મૌખિક રીતે ઈજારાદારને સામગ્રી પુરી પાડવાની જણાવવામાં આવે તો તે મુજબ પુરી પાડવાની રહેશે.પરંતું તેનો લેખિત વર્ક ઓર્ડર એજન્સીએ જે તે કચેરી પાસેથી મેળવી લેવાનો રહેશે.

૧૨. જો ઈજારેદાર / ટેન્ડરના ભાવો મંજુર થયા બાદ કોઈ આકસ્મિક / કુદરતી ઘટનાનો ભોગ બને અને તેની પાસેથી ચીજવસ્તુ / સેવાઓ મેળવવામાં વિક્ષેપ ઉભા થાય તેમ જણાય તો સદર ટેન્ડર આ મંજુર થયેલ ભાવે L – 2ટેન્ડરરને આપવામાં આવશે. જો L –2ટેન્ડરર આવી કામગીરી કરવા અસંમતિ આપે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અન્ય કોઈપણ આ કામગીરી કરવા સક્ષમ ઈજારદાર / એજન્સીને આ મંજુર થયેલ ભાવે કામગીરી આપી શકશે.

૧૩. ભોજન / કેટરીંગ સેવા પુરી પાડનાર એજન્સીના માલિક તથા સેકકોનું વર્ણન :-
સેવા / ખાદ્યસામગ્રી પુરી પાડનાર એજન્સીના માલિક તથા સેવકો ચૂંટણી પંચ દ્વારા નિયુકત માનનીય નિરીક્ષક સાથે, સરકારશ્રીના વર્ગ – ૧ અથવા વર્ગ – ૨ના અધિકારી સાથે અથવા અન્ય કોઈ અધિકારી / કર્મચારી સાથે કામગીરી કરે ત્યારે તે નમ્ર, આજ્ઞાકારી અને સ્વચ્છ અને સુઘડ પોશાક પહેરેલા હોવા જોઈએ. બિન-વ્યસની અને સારા ચારીત્ર્યના હોવા જોઈએ.

૧૪. ભોજન / કેટરીંગ સેવા પુરી પાડનાર એજન્સીના સેવકોની હાજરી બાબત :-
મતદાનના દિવસે, મતદાન પૂર્ણ થયા પછી, ભોજન / કેટરીંગ સેવા પુરી પાડનાર એજન્સીના કોઈ પણ સેવક સંબંધિત મદદનીશ રિટર્નિંગ ઓફિસર/મામલતદારની પૂર્વ પરવાનગી વિના તેમજ સંબંધિત ઈન્ચાર્જ અધિકારીની પરવાનગી વિના ડિસ્પેચિંગ સેન્ટર છોડી શકશે નહિ.

૧૫. ભોજન/નાસ્તો ગુણવંત્તા સભર હોવો જરૂરી છે. અને ભોજન/નાસ્તો લીધા પછી આરોગ્યને નુકશાન કારક કોઈ બનાવ ઉદ્ભવશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી તથા મેડીકલ ખર્ચ ઈજારદારે ભોગવવનો રહેશે.

૧૬ કુદરતી/માનવ શરજીત આફત કે અકસ્માતના કીસ્સામા ટેન્ડરરના કોઈ પણ જથ્થા કે સામંગ્રીને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી ટેન્ડરરની પોતાની રહેશે.

૧૭. નાસ્તો/ભોજન ડિશ/ચમચી /ગ્લાસ-કપ/નેપકીન વિગેરે સાથે આપવાનો રહેશે. ઉપરાંત ભોજન બનાવવા માટે જરૂરી તમામ સાધન સામગ્રી / વાસણો / પાણી ટેન્કરની વ્યવસ્થા એન્જસીએ કરવાની રહેશે

## (૩) કામગીરીના બીલો :-

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ખેડા-નડીઆદજણાવે તે મુજબ સમગ્ર જિલ્લાનું એક અથવા તાલુકાવારઅથવા ચૂંટણી/મદદનીશ ચૂંટણી અધિકારી વાઈઝ બીલો અલગ-અલગ બનાવવાના રહેશે.

૨. સરકારશ્રીમાંથી ગ્રાન્ટઉપલબ્ધ થયેથી ઈજારેદાર દ્વારા રજુ થયેલ બીલની પુરતી ચકાસણી કર્યા બાદ પેમેન્ટ કરવામાં આવશે.

૩. ઈજારેદાર દ્વારા રજુ કરવામાં આવેલ તમામ બીલોની પુરતી ચકાસણી થયા બાદ ચુકવણી કરવાપાત્ર રકમની ચુકવણીઓ ઓનલાઈન પેમેન્ટથી કરવામાં આવશે.

૪. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદને બીલની ચૂકવણી અટકાવી શકવાનો કે કોન્ટ્રાકટની કોઈપણ શરતોના ભંગ બદલ તેની E M D ની રકમ તથા દંડની રકમ વસુલાત કરવાનો હકક અબાધીત રહેશે.

૫. ચૂંટણી સ્ટેશનરી-સામગ્રી પુરી પાડેલ સામગ્રીના ડીલીવરી ચલણમાં જે તે સમયે સહી મેળવી લેવાની રહેશે. અને આ ચલણ બિલો રજુ કરતા સમયે બિલ સાથે ફરજિયાત રજુ કરવાના રહેશે.

૬. એજન્સીના સૌથી વધુ આઈટમોના ભાવ ઓછામાં ઓછા જણાયેલ છે. જેથી એજન્સીને **L1** તરીકે ગણવામાં આવેલ છે. તથા **L1** એજન્સીના અન્ય આઈટમોના ભાવ કે જે અન્ય એજન્સીઓ કરતા વધુ હોય તે આઈટમો માટે સૌથી ઓછામાં ઓછા ભાવ મુજબ બિલોની ચુકવણી કરવામાં આવશે.

૭. ઈજારદારશ્રીએ રજુ કરેલ બિલ સાથે દર્શાવેલ ભોજન/નાસ્તો ચૂંટણી અધિકારીશ્રી દ્રારા આપવામાં આવેલ લેખીત વર્ક ઓર્ડર સાથે રજુ કરવાનો રહેશે.

## (૪) અન્ય :-

૧. ભાવપત્રકમાં ભાવો આંકડામાં અને શબ્દોમાં તથા સ્વચ્છ વાંચી શકાય તેવા અક્ષરોમાં લખવા ફરજીયાત છે. ભાવપત્રકોમાં ભાવો સમજી વિચારીને ભરવાના રહેશે. એક વખત ભાવપત્રકમાં ભાવ ભર્યા બાદ તે ભાવે જ સેવા/સામગ્રી અત્રે પુરી પાડવાની રહેશે. તેમાં કોઈ વાંધો કે દલીલ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ

૨. કામગીરીની ગુણવત્તામાં સ્પેશીફીકેશન બાબતનો નિર્ણય અને રજુ થયેલ ભાવપત્રકના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદનો અંતિમ રહેશે.

૩. આ ટેન્ડર ફોર્મ સાથેની શરતો સિવાયની કોઇ શરતો એજન્સી ટેન્ડર ફોર્મ માં જણાવી શકશે નહી. અને જણાવેલ હશે. તો અત્રેથી બંધનકર્તા રહેશે નહી પરંતુ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદ જે કોઇ વધારાની શરતો જણાવે તો તેનો અમલ કરવા ઈજારેદાર માટે બંધનકર્તા રહેશે.

૪. ભાવપત્રકમાં એક એકમના ભાવો સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે.

૫. અત્રેથી વર્ક ઓર્ડર કે સુવિધા પુરી પાડવા સુચના / આદેશ આપવામાં આવે કે તુરત જ/ સુચના મુજબના સમયે તાકીદે સેવા તથા સુવિધા પુરી પાડવાની રહેશે. અને તેમ કરવામાં કસુરવાર થશે તો એજન્સીને કોઇપણ જાતની ખબર આપ્યા સિવાય જરૂરીયાત ઉપસ્થીત થયેથી એજન્સીના ખર્ચે અને જોખમે અન્ય એજન્સી કે જાહેર બજાર માંથી સુવિધા લેવામાં આવશે અને તેમ કરતાં જે વધુ ભાવ ચુકવશે કે વધુ ખર્ચ થશે તે એજન્સી પાસેથી સીક્યોરીટી ડીપોઝીટમાંથી ખુટતી રકમ વસુલ કરવાને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદ હકકદાર રહેશે તથા એજન્સી ચુકવે નહી તો જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરી શકશે. અને ડીપોઝીટ પણ જપ્ત કરી શકશે. ઉપરાંત,ચૂંટણી કામગીરીમાં વિક્ષેપ બદલ અન્ય કાનુની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૬. કામગીરીમાં બેદરકારી, વિલંબ, ગુણવતામાં કોઇ ખામી જણાશે તો કુલ ચુકવવાપાત્ર રકમ પર ૧૦ % સુધી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી, ખેડા-નડીઆદ દ્વારા દંડ કરવામાં આવશે.

૭. મંજુર થયેલ ઇજારેદાર તેની પેઢી સીવાય અન્ય કોઇપણ પેઢી કે વ્યક્તિને પેટા ઇજારો આપવા અંગે અત્રેની પુર્વ લેખીત મંજુરી મેળવવી આવશ્યક છે અને સક્ષમ અધિકારીશ્રીને યોગ્ય લાગશે તોજ આવી મંજુરી આપી શકશે.

૮. ઇજારદારે પુરી પાડવામાં આવતી કેટરીંગ અંગેની તમામ સામગ્રી સારી ગુણવત્તાની હોવી જોઇશે. ઇજારેદારે તેના અંગત લાભ માટે કોઇપણ જાતની ખરાબ વસ્તુ પુરી પાડી શકશે નહી.

૯. ટેન્ડરની કોઇપણ શરતનો ભંગ થશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,ખેડા-નડીઆદને યોગ્ય લાગે તેવી રકમ સીક્યુરીટી ડીપોઝીટ માંથી જપ્ત કરી શકશે.

૧૦. ટેન્ડર ફોર્મમાં જણાવેલ આઇટમ બાબતે જથ્થો અને ગુણવત્તા તેમજ શરતો બાબતે સ્પષ્ટતા કે ચોખવટકરવાની જરૂરી જણાય તો અત્રેની કચેરીએ રૂબરૂમાં પુછપરછ કરી શકશો.

૧૧. ઉકત ટેન્ડરમાં કોઈ શરતચુક કે ટાઇપ ભુલ હશે તો તેનું અર્થઘટન કરવાની સત્તા ટેન્ડર કમિટીની રહેશે અને આ અંગેનો આખરી નિર્ણય ટેન્ડર કમિટીનો રહેશે.

## (૫) વિવાદ:

૧. આ કરારની કોઈ શરતના અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો તે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ નો નિર્ણય આખરી ગણવાનો રહેશે. જે ઈજારેદારે કબુલ મંજુર રાખવાનું રહેશે.

૨. ઈજારેદાર દ્વારા કરારની કોઈ પણ શરતોનો ભંગ થશે અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ખેડા-નડીઆદ સાથે છેતરપીંડી કર્યાનું માલુમ પડશે તો સરકારશ્રીને જે કાંઈપણ નાણાંકીય નુકસાન થશે તે રકમ ઈજારેદારની ટેન્ડર ડીપોઝીટ, સીકયોરીટી ડીપોઝીટમાંથી, બાકી લહેણા તરીકે ઈજારેદાર પાસેથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, ખેડા-નડીઆદ વસુલ કરી શકશે અને તે બદલ યોગ્ય દંડ પણ કરી શકશે. આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચિત જણાશે તો તે પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, ખેડા-નડીઆદ નકકી કરશે તેમજ આવા ઈજારદારને ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, ખેડા-નડીઆદ કરી શકશે.

## (૬) બાકી લહેણાં:

૧. ઈજારેદાર પાસે કોઈપણ કારણસર બાકી નીકળતા લ્હેણાં તેમના બાકી બીલો અને અનામતની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૨. ઉપર (૧) પ્રમાણે વસુલાત કરવા છતાં પણ જો કોઈ રકમ બાકી રહેશે તો તે તથા તેના ઉપર ૧૫% લેખેનું વ્યાજ વસુલ કરવામાં આવશે આ વસુલાત રેવન્યુ રાહે પણ કરવામાં આવશે. આ અંગે જો કોઈ કોર્ટ કાર્યવાહી થશે તો તે માટે ઈજારેદાર સંપૂર્ણ જંવાબદાર રહેશે.

૩. ટેન્ડરની કોઈપણ શરતનો ભંગ થશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદને યોગ્ય લાગે તેવી રકમ સીકયુરીટી ડીપોઝીટમાંથી જપ્ત કરી શકાશે.

**(૭) ન્યાયક્ષેત્ર :-**

આ કામે ઉભા થતા તમામ ન્યાયી કાનુની વિવાદના મુદ્દા માટે ન્યાયનું ક્ષેત્ર નડીઆદ જિ. ખેડા-નડીઆદ રહેશે.

- ટેન્ડર સાથેની શરતો અને બોલીઓ એજન્સીએ વાંચી તેનું પાલન કરવા તથા તે સંબંધી કરારનામું કરવા બાંહેધરી આપવાની રહેશે. આ ટેન્ડર અન્વયે પુરી પાડવાની તમામ ચીજવસ્તુઓ અંગે એજન્સીએ જાતે સમજ મેળવી આ ટેન્ડરમાં જણાવેલ તમામ વિગતો સાચી અને બરાબર છે જે માટે એજન્સી સંપુર્ણ જવાબદાર છે. આ ટેન્ડર સંબંધી તમામ શરતો એજન્સીએ કબુલ મંજુર કરી કરારનામું રજુ કરવાનું રહેશે.

(નોંધ પર માન.જિ.ચૂં.અધિ.શ્રીના આદેશાનુસાર)

**(જે. બી. દેસાઇ)**
**અધિક જીલ્લા ચૂંટણી અધિકારી**
**(સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ) અને**
**નિવાસી અધિક કલેક્ટર**
**ખેડા-નડીઆદ**

**પ્રતિ,**
**એકતા ઓફસેટ પ્રા.લી.**
**નડીઆદ**

**નકલ રવાના :-**

(૧) ચૂંટણી અધિકારીશ્રી, (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી- ૨૦૨૬) તમામ તરફ...
(૨) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી- ૨૦૨૬) તમામ તરફ...
(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેડા-નડીઆદ તરફ

**નકલ સવિનય રવાના:-**

સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯/૬, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.